# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

ડી.પી.શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય., ગાંધીનગર-૩૮૨૦૧૦

ક્રમાંકઃ કડ૫/કોઝન્ટ પે રોલ કામગીરી/૨૦૨૪/ 77-452 તા.૧૧/૦૩/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
અનુદાનિત કોલેજો /સંસ્થાઓના વડાઓ તમામ,

**વિષયઃ**- કોઝન્ટ પે રોલ મોડયુલમાં અનુદાનિત કોલેજોના માહે-માર્ચ-૨૦૨૪ પેઈડ ઈન એપ્રિલના પગાર બીલો રજુ કરવા બાબત.

**સંદર્ભઃ**-(૧)આ કચેરીનો પત્રક્રમાંકઃકડ૫/બીલ-૨૦૨૩-૨૪/૨૦૨૪/૫૨૮૪-૫૬૫૪,તા.૦૧/૦૪/૨૦૨૩.
(૨)આ કચેરીનો પત્રક્રમાંકઃકડ૫/કોઝન્ટ પેરોલ કામગીરી/૨૦૨૪/૩૯૨-૭૭૪,તા.૧૮/૦૧/૨૦૨૪.

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભપત્રો અન્વયે જણાવવાનું કે,રાજયની અનુદાનિત કોલેજોના કર્મચારીઓના પગાર અને અન્ય ભથ્થાઓનું ચૂકવણા માટે સદર્ભ-૧ના પત્રથી કોલેજો તેમના કર્મચારીઓના પગાર બીલ તથા અન્ય તમામ બીલો નિયત બીલ રજીસ્ટરમાં નોધ કરીને નિયત પ્રમાણપત્ર સાથે બીલો ડીપી શાખામાં રજુ કરવા માટે જણાવવામાં આવેલ અને જે માટે કુલ-૦૧ થી ૧૫ પ્રકારના બીલોની યાદી પત્ર સાથે તમામ કોલેજોને મોકલી આપવામાં આવેલ હતી.શિ.વિ.ના કોઝન્ટ પે રોલ મોડયુલમાં માહે સપ્ટે-૨૩ પેઈડ ઈન ઓકટોમ્બરથી પગાર બીલ તેમજ અન્ય તમામ બીલોની ઓનલાઈન કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

આ કચેરીના તા.૧૮/૦૧/૨૦૨૪ના સદર્ભ-૨ના પત્રથી રેગ્યુલર કર્મચારીઓ માટે કુલ-૧ થી ૧૨ અને નિવૃત/સ્વૈ.નિવૃત/અવસાન પામેલ કર્મચારીઓ માટે કુલ-૧૩ થી ૧૮ એમ કુલ-૧૮ બીલોના પ્રકાર તથા ચેકલીસ્ટ નકકી કરવામાં આવેલ છે. આમ,કોઝન્ટ પેરોલ મોડયુલના કુલ-૧ થી ૧૮ પ્રકારના તમામ બીલો નિયત બીલ રજીસ્ટરમાં નોધ કરીને બીલ રજીસ્ટર પ્રમાણપત્ર સાથે બીલ રજુ કરવામાં આવે તેની તકેદારી રાખવા આથી તમામ આચાર્યશ્રીઓને પુનઃ જણાવવામાં આવે છે.

આ કચેરીના તા.૧૮/૧/૨૦૨૪ના પત્રમાં સામેલ સૂચનાઓને અનુસરીને બીલો રજૂ કરવા તમામ કોલેજોને જણાવવામાં આવેલ છે.આમ છતાં ઘણી કોલેજો દવારા સુચનોઓનું પાલન કર્યા સિવાય/ચેકલીસ્ટ મુજબના આધારો સહિતના બીલ રજુ થતા નથી જૈથી આવા બીલો વાંધામાં પરત કરવાના થાય છે તો આ અંગે યોગ્ય કાળજી રાખી બીલો રજુ થાય તેની તકેદારી રાખવા વિનંતી.વધુમાં,કોઝન્ટ પે રોલ મોડયુલમાં અનુદાનિત કોલેજોએ માહે-માર્ચ-૨૦૨૪ પેઈડ ઈન એપ્રિલ-૨૦૨૪ના પગારબીલમાં અમલ કરવાની બાબતો તથા અન્ય નીચે મુજબની સુચનાઓનો પણ ચુસ્તપણે અમલ કરવા આથી તમામ કોલેજોને જણાવવામાં આવે છે.

(૧)ના.વિ.ના તા.૨૯/૦૨/૨૦૨૪ના ઠરાવથી સુધારેલ સાતમા પગાર પંચ મુજબ મોઘવારી ભથ્થાના દર ૪૬ ટકા મુજબ અને છઠ્ઠા પગાર પંચ મુજબ ૨૩૦ ટકા મુજબ માહે-માર્ચ-૨૦૨૪ પેઈડ ઈન એપ્રિલ-૨૦૨૪ના પગારબીલમાં ઓટો જનરેટ થશે.

(૨)ના.વિ.ના તા.૨૦/૦૧/૨૦૨૪ના ઠરાવથી જી.પી.એફ ખાતેદાર કર્મ.ઓના કિસ્સામાં નાણાંકીય વર્ષ દરમ્યાન જી.પી.એફ ખાતામાં મહતમ રૂ.૫.૦૦/- લાખ સુધીની રકમ જમા કરાવવાની મર્યાદા નિયત કરવામાં આવેલ હોઈ તે મુજબ માસિક ગણતરી કરીને માર્ચ-૨૦૨૪ પેઈડ ઈન એપ્રિલના પગારબીલમાં ફેરફાર કરી દેવાનો રહેશે.

(૩)ના.વિ.ના તા.૨૯/૦૨/૨૦૨૪ના ઠરાવથી એનપી એસ અંતર્ગત ફાળામાં કરેલ ફેરફાર મુજબ માહે-માર્ચ-૨૦૨૪ પેઈડ ઈન એપ્રિલના પગારબીલમાં કર્મચારીના મુળ પગાર વત્તા મોઘવારીના ૧૦ ટકા એનપીએસ ફાળા સામે સરકારશ્રીનો ૧૪ ટકા ફાળો જમા કરાવવાનું ઠરાવેલ હોઈ તો તે મુજબ ઓટો જનરેટ એનપીએસ કપાત કરવામાં આવશે.

(૪) આવક વેરાની કપાત વાર્ષિક ૨૦૨૪-૨૫ ના એસેસમેન્ટ વર્ષના પ્રોબેબલ રકમની ગણતરી કરીને બાર માસિક ભાગે આવતી રકમની કપાત માર્ચ-૨૦૨૪ પેઈડ ઈન એપ્રિલના પગારબીલમાંથી શરૂ કરી દેવાની રહેશે.

( કૃ. ઉબાયવો )

(૫)ચાલુ માસના પગાર બીલની સાથે કોઝન્ટ પેરોલમાં સામેલ પ્રમાણપત્રમાં આચાર્યશ્રીની સહી કરીને તમામ કોલેજો/સંસ્થાઓએ સમયમર્યાદામાં અચુક પગારબીલો રજુ કરી દેવાના રહેશે.

(૬) કોલેજોએ બીલ રજુ કરવાના નિયત કાર્યક્રમમાં ફાળવેલ તારીખે તમામ બીલો જમા કરાવવાના તેમજ વાંધામાં આવેલ અસલ બીલો પરત મેળવી લેવાના રહેશે.

(૬) કોલેજના કર્મચારીઓના લ્હેણી થતી રકમના જે તે વર્ષના બીલો તેમજ વાંધા વાળા બીલો ચાલુ માર્ચ મહિનામાં અચૂક રજુ કરી દેવાના રહેશે. વિલંબથી રજુ થતા દાવાઓ સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોધ લેવા વિનંતી.

(૭) માહે સપ્ટે–૨૦૨૩થી ઓન લાઈન રજુ થયેલ પગારબીલની તથા રેગ્યુલર અને નિવૃત/અવસાન પામેલ કર્મચારીઓના રજુ થયેલ વિવિધ પ્રકારના એરીયર્સ બીલો,આરટી–૧૨,રજા રોકડમાં રૂપાંતરના બીલો પૈકી મંજુર બીલોની અનુક્રમે માહે–નવેમ્બર–૨૩,ડીસેમ્બર–૨૩ અને ફેબ્રુઆરી–૨૪ માંની અત્રેની કચેરી દવારા ઓનલાઈન તેમજ મેન્યુઅલી ચૂકવણી કરી સબંધિત કર્મચારીના બેક ખાતામાં જમા કરાવવામાં આવેલ છે.ઓનલાઈન બીલોની ચૂકવણીની વિગત કોજન્ટ પે રોલમાં આચાર્યશ્રીના લોગ ઈનમાં તેમજ મેન્યુઅલી ચૂકવણીના બીલોની રકમની ચૂકવણી સબંધિત કર્મચારીની બેક પાસ બુક સાથે અચૂક ખરાઈ કરી લેવાની રહેશે.સાથોસાથ કોઈપણ રેગ્યુલર કે નિવૃત કર્મચારીને વધુ કે બેવડી રકમની ચૂકવણી થયેલ નથી તેની આચાર્યશ્રીએ અંગત તકેદારી રાખીને ખાત્રી કરી લેવાની રહેશે અને જો આવી રકમ ધ્યાન ઉપર આવેલ હોય તો તાત્કાલિક વસુલ કરી આવી રકમનો ડીમાન્ડ ડ્રાફટ અત્રે જમા કરાવવાનો રહેશે જેની દરેકે ખાસ નોધ લેવી.

(૮) કોજન્ટ પે રોલ મોડયુલમાં બીલોના પ્રકાર મુજબ રેગ્યુલર તેમજ નિવૃત કર્મચારીઓના હવે અગલ અલગ બીલ જનરેટ થઈ શકશે તો તે મુજબ આચાર્યશ્રી દવારા ઓનલાઈન એપ્રૂવલ કરીને જ રજુ કરવા.

(૯)નિવૃત કર્મચારીઓના બીલો પણ ચાલુ માસમાં ઓનલાઈન કરી રજુ કરી દેવાના રહેશે.વધુમાં નિવૃત/અવસાન પામેલ કર્મચારીની બેક ખાતાની વિગત કોલેજના આચાર્યશ્રીનું જે બેકમાં ખાતુ હોય જેમાં આવકવેરો, પ્રો.ટેક્ષની કપાત ચાલુ હોય તે જ બેકમાં રાખવાનું રહેશે.

(૧૦)અગાઉ આ કચેરીને રજુ કરેલ બીલો સંદર્ભે નિવૃત કર્મચારીઓના કોઈપણ હકક દાવાની ચૂકવણાની બાકી રકમની વિગતો માલુમ પડે તો કોલેજના રેકર્ડની પુરતી ચકાસણી કર્યા બાદ જ સબંધિત નિવૃત કર્મચારીના તમામ બેક ખાતાની પાસ બુકની વિગતો મેળવી જમા રકમની ચકાસણી કર્યા બાદ જ સ્ટેમ્પ પેપરમાં લખાણ મેળવીને આચાર્યશ્રીને બાંહેધરી આપીને આવી બાકી રકમનો હકક દાવો ઓનલાઈન બીલમાં રજુ કરવાનો રહેશે.આવી રકમનું કોઈપણ સંજોગોમાં બેવડી ચૂકવણી થાય નહી તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.ભવિષ્યમાં જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે તે આચાર્યશ્રીની રહેશે.

(૧૧)જે કર્મચારીઓના ડીપીપી કચેરીએથી એનપીએસ નંબર એલોટ થયેલ હોય અને પેન્શન ઓફિસ સાથે મેપીગ કરાવ્યા બાદ જ એનપીએસની માસિક કપાત શરૂ કરવાની રહેશે.આ સાથે સામેલ પત્રક મુજબના કર્મચારીઓના એનપીએસ નંબરો ડીપીપીએફ કચેરી સાથે મેપીગ કરાયેલ હોય તેમ જણાતું નથી જેથી તેઓની વિગતો મેપીગ કરાવી અને તેની જાણ કર્યેથી જ એનપીએસની કપાત શરૂ કરવી.

આપનો વિશ્વાસું

12/3/2024

નાયબ નિયામક(ડીપી)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા. ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂ:–**

– શ્રેયાન અધિક્ષકશ્રી, ડી પી શાખા,સદર કચેરી.
– સબંધિત ઝોનના કર્મચારીશ્રીઓ, ઝોન–૯૧ થી ૯૪ ડી પી શાખા, સદર કચેરી.

**નકલ સવિનય રવાના જાણ સારૂ:–**

– માન.નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી.